email : akhilgujaratlohanasamaj123@gmail.com
web. : www.akhilgujaratlohanasamaj.org

HELPLINE 9909994197

સંગઠન • સહકાર • સમર્પણ

પ્રમુખ શ્રી : શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી ધનવાનભાઈ કોટક
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી દિવ્યેશભાઈ રાજદેવ
મહામંત્રી શ્રી : શ્રી ભગવાનદાસ શીવરામભાઈ ઠક્કર (બંધુ)
મહામંત્રી શ્રી : શ્રી મુકેશભાઈ એ. ઠક્કર

# અખિલ ગુજરાત લોહાણા સમાજ

(સમાજના ઉત્કર્ષ તથા સંગઠન માટે રચનાત્મક કાર્ય કરતી સંસ્થા)

કાર્યાલય એડ્રેસ : હોટલ નિલકંઠ ઈન, પાલડી ચાર રસ્તાની નજીક, પાલડી, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૩૦

આદરણીય શ્રી ____________________

**અખિલ ગુજરાત લોહાણા સમાજ** ગુજરાતમાં વસતા રઘુવંશી ભાઈ – બહેનોના સંગઠનની પ્રવૃત્તિઓ કરતી સંસ્થા છે, જેમાં વિવિધ ક્ષેત્રના ડૉક્ટરો, એન્જિનીયરો, વકિલો, શિક્ષકોની પણ નોંધ લેવામાં આવે છે, ગત વર્ષે ગુજરાતભરના ડૉક્ટરોની વિસ્તૃત માહિતી ધરાવતી માર્ગદર્શિકાનું વિમોચન કરવામાં આવેલ.

હવે ગુજરાત વિભાગમાં સરકારી / અર્ધસરકારી ખાતાઓમાં કાર્ય કરતા ઉચ્ચ અધિકારીઓ તેમજ હોદ્દેદારોની માહિતી એકત્ર કરી **અખિલ ગુજરાત લોહાણા સમાજ** એક વિશાળ સંમેલન કરવા માંગે છે. આવનારા સમયમાં આપણે સૌ સંગઠીત થઈ આપણા જરૂરિયાતમંદ રઘુવંશી ભાઈ – બહેનોને કેવી રીતે મદદરૂપ થઈ શકીએ તેમજ આપણે એક રહી સમાજનો વિકાસ તથા સંગઠનની ભાવનાને મજબૂત બનાવીએ... આ શુભ આશયથી અમો આપને એક ફોર્મ આ સાથે મોકલીએ છીએ, જે સત્વરે આપ ભરીને અમારા કાર્યાલય ઉપર પહોંચતુ કરશો તેમજ ઓન લાઈન પણ આપ ફોર્મ ભરી શકો છો.

આ ઉપરાંત સમગ્ર ગુજરાતમાં વસતા આપણા **રઘુવંશી જ્ઞાતિબંધુઓની વસ્તી ગણતરીનું મહાઅભિયાન** ચાલી રહ્યું છે, જેમાં નિર્ધારીત ફોર્મ ભરીને ફોટા સાથે કાર્યાલયમાં જમા કરાવ્યા બાદ **અખિલ ગુજરાત લોહાણા સમાજ** તરફથી બારકોડ સાથે દરેકને વ્યક્તિગત **'સ્માર્ટ કાર્ડ'** આપવામાં આવે છે. (ફોર્મ સામેલ કરેલ છે.)

લોહાણા સમાજની સંસ્થાઓ દ્વારા નાના / મોટા ગામ / શહેરોમાં થઈ રહેલી વિવિધ પ્રવૃત્તિઓથી દરેક જ્ઞાતિબંધુ માહિતગાર રહે તે માટે જ્ઞાતિ સમાચાર તેમજ વૈવિધ્યસભર લેખો સાથે ત્રિમાસિક મુખપત્ર **'લોહાણા વિઝન એન્ડ મિશન'** પ્રકાશિત કરવામાં આવે છે.

આ ઉપરાંત આપણી સંસ્થાના વહીવટી કાર્યાલય ઉપર **'મેડીકલ સેન્ટર'** પણ ચલાવવામાં આવે છે. જેના માધ્યમથી આરોગ્યલક્ષી સારવાર અર્થે યોગ્ય માર્ગદર્શન પુરૂં પાડવામાં આવે છે તેમજ આર્થિક જરૂરીયાતવાળા જ્ઞાતિબંધુઓને સહાયરૂપ થવા પૂરતા પ્રયત્નો કરવામાં આવે છે.

આમ અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે **અખિલ ગુજરાત લોહાણા સમાજ** આપણા સમાજના ઉત્કર્ષ તેમજ સંગઠનને મજબૂત બનાવવાના ધ્યેય સાથે અનેક રચનાત્મક કાર્યો કરી રહેલ છે.

આપના સહકારની અપેક્ષા સહ.

| વરીષ્ઠ ઉપપ્રમુખશ્રી | પ્રમુખશ્રી | મહામંત્રીશ્રી |
|---|---|---|
| **શ્રી ધનવાનભાઈ કોટક** | **શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર** | **શ્રી ભગવાનભાઈ ઠક્કર 'બંધુ'** |
| **શ્રી દિવ્યેશભાઈ રાજદેવ** | | **શ્રી મુકેશભાઈ ઠક્કર** |

૧) લોહાણા સમાજના સંગઠનને મજબૂત બનાવવા વસ્તી ગણતરીનું ફોર્મ ભરી આપનું વ્યકિતગત સ્માર્ટકાર્ડ મેળવો.
૨) ફકત રૂા.૫૦૦/- લવાજમ ભરીને લોહાણા વિઝન એન્ડ મિશનના ગ્રાહક બની સમાજની તમામ પ્રવૃત્તિઓની માહીતી ઘેરબેઠા મેળવો.